**પ્રથમ એકમ કસોટી બાબત**

ક્રમાંક:મઉમશબ/ક/૪૨૭૦-૪૩૦૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ,
સેક્ટર-૧૦/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૦/૦૯/૨૦૨૫.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય –અધ્યયન નિષ્પત્તિઓ આધારિત પ્રથમ એકમ કસોટી યોજવા બાબત.
(શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬)
સંદર્ભ –અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૨૫૪૪-૮૬, તા.03/0૯/૨૦૨૫.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદ્યાર્થીઓના શિક્ષણના અભ્યાસમાં સાતત્ય જળવાઈ રહે તેમજ સતત મૂલ્યાંકન દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારણાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહેલ છે. જેના અનુસંધાને ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે શાળા કક્ષાએ તા.૧૧/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૦૯/૨૦૨૫ દરમિયાન પ્રથમ સત્રની એકમ કસોટી યોજવાની છે. શાળા કક્ષાએ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે તે માટે શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક-બમશ/૧૧૨૦/૧૪૨/છ, તા.૦૯/૦૯/૨૦૨૨માં સૂચવેલ વિષયોની ધોરણ-૯ થી ૧૨ની નમૂનારૂપ પ્રશ્નબેંક બોર્ડની વેબસાઈટ પર મૂકેલ છે. આ પ્રશ્નબેંકના આધારે તેમજ તે પ્રકારના બીજા પ્રશ્નો આધારિત એકમ કસોટીના પ્રશ્નપત્ર તૈયાર કરવાના રહેશે.

**સૂચનાઓ:-**

- પ્રશ્નબેંક અધ્યયન નિષ્પત્તિઓ આધારિત બનાવેલ છે. તે મુજબ ૨૫ ગુણની કસોટી લેવાની રહેશે. જેનો સમય ૧(એક) કલાકનો રહેશે.
- પ્રથમ કસોટી માટે જૂન થી ૩૧-ઓગષ્ટ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવાનો રહેશે.
- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્ય પુસ્તકના આધારે જ એકમ કસોટીની રચના કરવાની રહેશે.
- **તા.૧૧/૦૯/૨૦૨૫થી** શાળાઓ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર 'ધોરણ-૯ થી ૧૨ની પ્રશ્નબેંક' પર ક્લિક કરી શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા પાસવર્ડ દ્વારા લોગ ઈન કરી પ્રશ્નબેંક ડાઉનલોડ કરી શકશે.
- શાળાઓ દ્વારા લેવામાં આવેલ કસોટીનું ગુણાંકન દિન-૭(સાત)માં કરવાનું રહેશે. મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીઓને પરિણામની જાણ કરવાની રહેશે. ઉત્તરવહીમાં વાલીની સહી અચૂક લેવાની રહેશે.

[પાછળ.....

- શાળાએ વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની કાર્યવાહી યોગ્ય રીતે થાય તેની તકેદારી રાખવી તથા મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની વિગતો અને જરૂરી દસ્તાવેજો સમગ્ર વર્ષ દરમિયાન શાળા કક્ષાએ સાચવી રાખવાના રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા સમયાંતરે એકમ કસોટી સંબંધિત અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે તથા દરેક શાળામાં યોગ્ય રીતે મૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- શાળાના વાર્ષિક નિરીક્ષણ વખતે કસોટી આધારિત મૂલ્યાંકન યોગ્ય રીતે થયેલ છે કે કેમ? તે ધ્યાને લેવાનું રહેશે.
- રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ ઉપરોક્ત તમામ સૂચનાઓનું યોગ્ય પાલન થાય તે માટે શાળાને જાણ કરવાની રહેશે તથા તેની અમલવારી સુનિશ્ચિત કરવાની રહેશે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**સવિનય નકલ રવાના :-**

- માન. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, બીજે માળ, ગાંધીનગર.
- માન. સ્ટેટ પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર.

**નકલ રવાના જાણ સારુ:-**

- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેકટર-૧૨, ગાંધીનગર.
- માન. સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, પરીક્ષા તમામ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- આઈ.ટી.મેનેજરશ્રી, આઈ.ટી.શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.